# India and France hold Strategic Dialogue

January 08, 2021

## ભારત અને ફ્રાન્સ વ્યૂહાત્મક સંવાદ યોજે છે

જાન્યુઆરી 08, 2021

ભારત અને ફ્રાન્સ દ્વારા 7 જાન્યુઆરી 2021 નાં રોજ નવી દિલ્હીમાં તેઓનો વાર્ષિક વ્યૂહાત્મક સંવાદ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલ દ્વારા ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની કરવામાં આવી હતી, જ્યારે ફ્રેન્ચ પ્રતિનિધિમંડળની આગેવાની ફ્રેન્ચ રાષ્ટ્રપતિનાં રાજદ્વારી સલાહકાર શ્રીમાન ઈમેન્યુઅલ બોન્ને દ્વારા કરવામાં આવી હતી.

બન્ને પક્ષોએ આતંકવાદનો સામનો કરવો, સાયબર સુરક્ષા, સંરક્ષણ સહકાર, મેરિટાઈમ સુરક્ષા, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ અને ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં સહકાર સહિતનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ યોજી હતી. બન્ને પક્ષોએ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને તેઓ ઉચ્ચ પ્રાધાન્ય આપે છે તેની પુનઃપુષ્ટિ કરી હતી અને બન્ને દેશો વચ્ચેનાં દ્રષ્ટિકોણોની સમાનતા પર પ્રકાશ પાડ્યો હતો.

સંવાદ બાદ, શ્રીમાન બોન્નેએ વડાપ્રધાન, રક્ષા મંત્રી અને વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી હતી અને વિદેશ સચિવને મળ્યા હતા. તેઓએ “ફ્રાન્સ અને ભારત: સ્થિર અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક માટે ભાગીદારો” પર વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનમાં સંબોધન કર્યું હતું.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 08, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.